ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર શહેરમાં મેઘ મહેર



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૨

ઘણી પ્રાર્થનાઓ-દુઆઓ બાદ અને દિવસો સુધી રાહ જોવડાવ્યા બાદ આખરે મેઘરાજા ગાંધીનગર પર મહેરબાન થયા છે. ગઈકાલ રાતથી શરૂ થયેલો વરસાદ આજે આખો દિવસ અને મોડી સાંજ સુધી ચાલુ રહ્યો હતો. છેલ્લા ૩૬ કલાક દરમ્યાન શહેરમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો છે.

ચોમાસાની સીઝન શરૂ થયા બાદ દોઢ મહિને ગાંધીનગરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ઘણા દિવસોથી વરસાદની રાહ જોઈને બેઠેલા શહેરીજનોએ વરસાદને વધાવી લીધો હતો. વસાહતીઓ વરસાદ માટે પ્રાર્થનાઓ દુઆઓ કરીને થાકી ગયા હતા. ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓને સરકારે અછતગ્રસ્ત જાહેર કરી દીધા તે પછી આખરે મેઘરાજાએ મહેર કરી હતી. રીસામણા દૂર થયા હોય તેમ મેઘરાજા ધોધમાર વરસી પડ્યા હતા.

ચાલુ સિઝનમાં જોવા ન મળ્યો હોય તેવો ધોધમાર વરસાદ વરસતા વસાહતીઓને હાશ થઈ છે. ગઈકાલે આખો દિવસ અસહ્ય ઉકળાટ રહ્યા બાદ મોડી રાત્રે અચાનક જ ધોધમાર વરસાદ પડવા માંડ્યો હતો. અગાઉની જેમ જ એકાદ ઝાપટુ પડી વરસાદ બંધ થઈ જશે તેમ રાત્રે પડેલા વરસાદથી જાગી ગયેલા વસાહતીઓએ માની લીધુ હતી. થોડીકવાર માટે વરસાદ ધીમો પણ પડ્યો હતો. પરંતુ તે પછી ફરીથી ધોધમાર વરસાદ વરસવો શરૂ થઈ ગયો હતો. વહેલીસવારે લગભગ ત્રણ કલાક સુધી એકધારો વરસાદ વરસતો રહ્યો હતો. રવિવારે મોડા ઉઠેલા વસાહતીઓ તો વરસાદનું આ રૂપ જોઈ આનંદિત થઈ ગયા હતા. ઠેર ઠેર ભરાયેલા વરસાદી પાણીને જોઈ રાત્રે કેટલો વરસાદ પડ્યો હશે તેનો અંદાજ કેટલાકે લગાવ્યો હતો. આજે દિવસ દરમ્યાન પણ ધીમી ધારે વરસાદ ચાલુ રહ્યો હતો. હવામાન વિભાગના આંકડાઓ અનુસાર ગઈકાલ રાતથી સવારે સાડા સાત સુધી ૫૧ મી.મી. વરસાદ પડ્યો હતો. તે પછી સાંજે ચાર વાગ્યા સુધી ૧૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. તે પછી પણ વરસાદ ચાલુ રહેતા છેલ્લા ૩૬ કલાક દરમ્યાન ત્રણેક ઈંચ જેટલુ પાણી શહેરમાં વરસ્યુ હતુ. આંકડાઓ અનુસાર શહેરમાં રવિવારની સાંજ સુધી ૨૨૬ મી.મી. વરસાદ નોંધાયો હતો.

## છેલ્લા ૩૬ કલાકમાં ત્રણ ઇંચ વરસાદથી પાટનગરમાં ખુશનુમા માહોલ : વસાહતીઓએ વરસાદને ખુબ વધાવ્યો

# મનપા ૧૭મીએ પાણીના મામલે નિર્ણય કરશે

### શહેર પાણી પુરવઠાના વિતરણની જવાબદારી સ્વીકાર કે ઈન્કારનો નિર્ણય ૧૭મીની સામાન્ય સભામાં કરશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં પાણી પુરવઠાનો કાર્યબોજ સ્વીકારવો કે ઈન્કાર કરવો તે અંગેનો નિર્ણય મહાનગરપાલિકાની આગામી ૧૭મીએ મળનારી સામાન્ય સભામાં થશે.

ગાંધીનગર શહેરમાં પાણી પુરવઠાની જવાબદારી કોર્પોરેશન હસ્તક મુકવાના સરકારના હુકમને પગલે કોર્પોરેશન સત્તાવાળાઓ અસમંજસ સ્થિતિમાં મુકાઈ ગયા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે કરેલા હુકમને પગલે પાટનગર યોજનાના અધિકારીઓ આ સેવા હસ્તાંતરણ કરવા અંગેના જરૂરી કાગળો પણ કોર્પોરેશન સત્તાવાળાઓને સોંપી આવ્યા છે. અને તેઓ પણ કોર્પોરેશનના પ્રત્યુત્તરની રાહ જોઈ રહ્યા છે.

દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આ મુદ્દે શહેરી વિકાસ વિભાગ તેમજ માર્ગ-મકાન વિભાગના અગ્ર સચિવોને પત્ર પાઠવી આ મુદ્દે ચર્ચા કરવા રૂબરૂ મુલાકાત માંગી છે.

બીજી તરફ આગામી ૧૭મીએ કોર્પોરેશનની મળનારી સામાન્ય સભાની બેઠક અંગે આજે જારી કરાયેલા સૂચના પત્રમાં આ મુદ્દો જ એજન્ડામાં દર્શાવાયો હોવાથી શહેરનાં રાજકારણમાં આ મુદ્દો ગરમાયો છે.

કોંગ્રેસ પક્ષના સમર્થકો એવી દલીલ કરી રહ્યા છે કે સરકારે આ રાજકીય દાવ ખેલ્યો છે. સરકાર સાચા મનથી આ સેવાઓ આપવા માંગતી હોય તો સ્ટાફપેટર્નમાં આ સેવા અંગેના કર્મચારીઓનું મહેકમ કેમ દર્શાવ્યુ નથી. સરકારે આ સેવા અને બ્લોક આપવી જોઈએ જેમાં ઈજનેરથી લઈ તમામ કર્મચારીઓ સાથે આ સેવા ફાળવવી જોઈએ. આ ઉપરાંત ગટરની સેવાઓ અલગ પાડવા પાછળ રાજકીય દ્વેષ સિવાય બીજુ કંઈ નથી.

બીજી તરફ વિપક્ષ ભાજપ પણ આ મુદ્દે સત્તાધારી પક્ષને ભીડવવા માટેની અલગથી વ્યુહરચના તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે. મળતી વિગતો મુજબ કોર્પોરેશને આ સત્તા સંભાળી લેવી જોઈએ તેવો આગ્રહ રાખશે. સત્તા સરકાર સોંપી રહી છે ત્યારે ખોટી બ્હાનાબાજી કરી અને પ્રજાની સાચા અર્થમાં સેવા કરવાનું ટાળવાનું આ રાજકીય નાટક હોવાનું ભાજપના સમર્થકો જણાવી રહ્યા છે.

ટૂંકમાં પાણી પુરવઠાના મુદ્દાએ પાટનગરના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના ઉભી કરી છે અને સૌની નજર ૧૭મીની સામાન્ય સભાના નિર્ણય પર મંડાઈ છે.



મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની હિંદી ચલચિત્ર જગતના સુપ્રસિદ્ધ કલાકાર શ્રી પરેશ રાવલે આજે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી. ગુજરાતની સર્વાંગીણ પ્રગતિથી પ્રભાવિત થયેલા શ્રી પરેશ રાવલે મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાત વિકાસની નવી ઉંચાઈઓ સર કરશે એવો વિશ્વાસ દર્શાવ્યો હતો.


## સોમનાથમાં આજે મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં ખેડૂત સંમેલન

અમદાવાદ, તા. ૧૨

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ સોમવાર ૧૩મી ઓગસ્ટના રોજ સોમનાથ-વેરાવળ ખાતે સાગરખેડુ સમાજોના વિશાળ સંમેલનને સંબોધશે. સ્વાતંત્ર પર્વની રાજ્યકક્ષાની ઉજવણી જુનાગઢમાં થઈ રહી છે તેના અનુસંધાને સોમનાથમાં સાગરખેડુ વિકાસ પેકેજ અન્વયે આ સંમેલન સાગરખેડુ સમાજોના સર્વાંગી વિકાસ માટે યોજવામાં આવ્યું છે.

# રમઝાન ઈદની તૈયારીઓનો ગાંધીનગર શહેરમાં પ્રારંભ

### મસ્જીદોમાં રોશની કરાઈ : મુસ્લિમ બિરાદરો ખરીદીમાં વ્યસ્ત બન્યા : નમાઝ-દુઆનો સિલસિલો જારી



ગાંધીનગર, તા. ૧૨

મુસ્લિમોનો પવિત્ર રમઝાન માસ હવે તેના છેલ્લા ચરણમાં પહોંચી ગયો છે. રમઝાન ઈદ હવે નજીક આવતા મુસ્લિમ બિરાદરો તેની ઉજવણીમાં વ્યસ્ત બન્યા છે. મસ્જીદો અને ઘરો પર રોશની કરવામાં આવી રહી છે.

મુસ્લિમોનો સૌથી મોટો તહેવાર રમઝાન ઈદ હવે નજીક આવી રહ્યો છે. રમઝાન માસ તેના અંતિમ ચરણમાં પહોંચી ગયો છે. ઠેર ઠેર તીલાવતે કુરાન, તરાવીહની નમાઝ ઉપરાંત વિશેષ નમાઝનો દોર ચાલી રહ્યો છે. મસ્જીદોમાં આખો દિવસ કોઈને કોઈ વિશેષ કાર્યક્રમો યોજાતા રહે છે. વહેલી સવારે શહેરીના સમયે પણ મસ્જીદોમાં વિશેષ નમાઝ અને ધાર્મિક કાર્યક્રમો થકી ચહલપહલ જોવા મળી રહે છે. હવે રમઝાન ઈદ નજીક હોવાથી તેની ઉજવણીની તૈયારીઓ પણ પુરજોશમાં ચાલી રહી છે. મસ્જીદો અને ઘરોપર રોશની કરવામાં આવી રહી છે. રાત્રે તો મસ્જીદોની રોશનીનો નઝારો જોવા જેવો હોય છે. ગાંધીનગરમાં સેકટર-૨૧, સેકટર-૨૯ ઉપરાંત સેકટર-૫ની મસ્જીદમાં પણ રોશની કરવામાં આવી રહી છે. બજારોમાં પણ ઈદની ખરીદીની રોનક દેખાઈ રહી છે. નવા વસ્ત્રો, ખાણીપીણીની ચીજવસ્તુઓ અને ઘરવખરીની ખરીદીમાં મુસ્લિમ બિરાદરો વ્યસ્ત બન્યા છે.

# મંત્રીઓના પ્રવચન તૈયાર કરવામાં સ્ટાફ વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧૨

મંત્રી કાર્યાલયો મંત્રીઓ માટે ૧૫મી ઓગષ્ટની સ્પીચ તૈયાર કરવામાં વ્યસ્ત થઈ ગયા છે. જ્યારે જૂનાગઢમાં આ વખતે રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવનારી હોઈ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમંત્રી મંડળના મંત્રીઓને ધ્વજવંદન માટે જુદા જુદા જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી છે. મંત્રીઓને ફાળવવામાં આવેલ જિલ્લામાં ધ્વજવંદન કરાવ્યા બાદ પ્રજાજનોને સંબોધન કરશે.

ગુજરાતની વર્તમાન ભાજપ સરકારે તેના શાસન દરમ્યાન કેવા વિકાસ કાર્યો હાથ ધર્યા તેની સિદ્ધિઓ મંત્રીઓ પોતાના પ્રવચનોમાં વર્ણવશે. મંત્રીઓને માટે સ્પીચ તૈયાર કરવા માટે તેમના કાર્યાલયના સ્ટાફ છેલ્લા એક સપ્તાહથી કામે લાગ્યા છે. આવતીકાલે મંત્રીઓની સ્પીચને આખરી ઓપ આપી દેવામાં આવશે.

આ વર્ષે જુનાગઢ ખાતે ૧૫મી ઓગષ્ટે સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવનાર હોઈ જૂનાગઢ ખાતે વિવિધ વિકાસ કામોના ખાતમુહૂત લોકાર્ણના કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવ્યા હતા. જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાના કાર્યક્રમ માટે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મંગળવારના રોજ મંત્રીઓ ધ્વજવંદન કાર્યક્રમમાં હાજરી આપવા જિલ્લાના પ્રવાસે જવા નિકળશે. આથી સચિવાલયમાં બે દિવસ મંત્રીઓના કાર્યાલયો સુમસામ ભાસશે.

# હિમાંશુ પટેલની પ્રદેશ સમિતિની સબ કમિટીમાં નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા અને શહેરના જાણીતા કોંગ્રેસી અગ્રણી શ્રી હિમાંશુ પટેલની પ્રદેશ કોંગ્રેસ સમિતિએ અર્બન સ્ટ્રેટેજી અને પોલીટીકલ પ્લાનીંગ કમિટીના સભ્ય તરીકે નિમણુંક કરી છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નરહરિ અમીનના નેતૃત્વમાં રચાયેલ આ કમિટીમાં ૧૮ સભ્યો નિયુક્ત કરવામાં આવ્યા છે. શ્રી હિમાંશુ પટેલ યુનિ. સિન્ડીકેટના સભ્ય પણ રહી ચુક્યા છે. આ ઉપરાંત હાલ તેઓ નાગરિક બેંકના ડિરેકટર છે અને આ બેંકનું ચેરમેનપદ તેમણે સંભાળ્યું હતું.

આ સમિતિમાં મહાનગરપાલિકા કોંગ્રેસ પક્ષના નેતાઓ હોદ્દાની રૂએ પણ સભ્ય બનશે તેમ અખબારી યાદીમાં જણાવ્યું છે. ગાંધીનગર કોર્પોરેશન પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા પણ હોદ્દાની રૂએ આ સમિતિના સભ્ય બનશે.

શહેરમાંથી આ બન્ને કોંગી આગેવાનોની થયેલી પસંદગીને લઈ કોંગ્રેસના આગેવાનોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે. શહેર પ્રમુખ શ્રી મુકેશ પટેલ તથા મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, પ્રદેશ મહામંત્રીશ્રી નિશીથ વ્યાસે આ નિમણુંકોને આવકારી છે.


## દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. વસુબેન નારણભાઈ ચુડાસમા**

સ્વ. તા. ૧૩-૮-૨૦૧૦, જન્મ તા. ૭-૬-૧૯૫૦

સમય જીંદગીનો ઓછો હશે. એ ક્યાં ખબર હતી ?
વિદાય તમારી અણધારી હશે. એ ક્યાં ખબર હતી ?
સમય વિતતો રહેશે. પણ યાદ તમારી સદા રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
ચિર શાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના....

લિ.

નારણભાઈ બી. ચુડાસમા
જીતેન્દ્ર, રાજેશ, શૈલેષ, સંજય (પુત્રો)
દક્ષાબેન (પુત્રી), જયેશકુમાર (જમાઈ), મણીબેન (નણંદબા)
માયાબેન, કનુબેન, ઉષાબેન, સ્મૃતિબેન (પુત્રવધુઓ)
નિશા, નિધિ, નૈયત્રી, પ્રિયા, હાર્દિકા, નેહા, આયુશી (પૌત્રીઓ)
માનુષ, તીર્થ, વૈભવ, યુવરાજ (પૌત્રો)
શંકર, ગુલાબ, જીવારામ, ગોપાલ (ભાઈઓ)
શાન્તાબેન, હિરાબેન, કંચનબેન, ગીતાબેન (ભાભીઓ)

## ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રતનબેન દેવાભાઈ ભરવાડ**

સ્વ. તા. ૧૩-૮-૨૦૦૯

આપના દિવ્ય ઉચ્ચ સંસ્કારો, પ્રેરક આદર્શો, કર્તવ્ય નિષ્ઠા, સેવાભાવના અને આપના અવિરત પરિશ્રમ દ્વારા અમોને મળેલ સફળતા, શ્રેય, આપે આદરેલા અને સતત જીવનભર ચલાવેલા કર્મયજ્ઞની ફળશ્રુતિ છે. અમે આપના અત્યંત ઋણી છીએ.

જગતનિયંતા પરમાત્મા આપના પુણ્યશાળી આત્માને ચીરદાયી શાંતિ અર્પે એજ અભ્યર્થના. આપના આત્માને કોટિ કોટિ વંદન....

લી.

સ્વ. દેવાભાઈ નાથાભાઈ ભરવાડ
ગોવિંદભાઈ દેવાભાઈ ભરવાડ
(પૂર્વ પ્રમુખ, તાલુકા પંચાયત, ગાંધીનગર)
કનુભાઈ દેવાભાઈ ભરવાડ
ભલાભાઈ દેવાભાઈ ભરવાડ
(ઉપસરપંચ, ભાટ ગ્રામ પંચાયત)
મયુરભાઈ લીલીભાઈ ભરવાડ
ગૌતમભાઈ ભલાભાઈ ભરવાડ
લાલાભાઈ ભીખાભાઈ ભરવાડ
અરવિંદભાઈ અમરાભાઈ ભરવાડ
પ્રકાશભાઈ અમરાભાઈ ભરવાડ
(સદસ્યશ્રી, ભાટ ગ્રામ પંચાયત)
અમરતભાઈ અમરાભાઈ ભરવાડ
ગીરીશભાઈ ગોવિંદભાઈ ભરવાડ
ચેતનભાઈ ભલાભાઈ ભરવાડ
માહિર અશોકભાઈ ભરવાડ

શક્તિ સેન્ડ ટ્રેડર્સ અને કાર્ટીંગ કોન્ટ્રાક્ટર
(ગોવિંદભાઈ ભરવાડ - ૯૮૨૪૦ ૧૦૮૫૯)

સમસ્ત આજરા સમાજના રામ રામ...

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



રૂખીબેન કચરદાસ પટેલ
સ્વર્ગવાસ તા. ૧૩-૮-૨૦૧૧

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ સમગ્ર પરિવારના શત્ શત્ પ્રણામ

લિ.

સ્વ. કચરદાસ ચતુરભાઈ પટેલ પરિવાર
ઈશ્વરભાઈ કચરદાસ પટેલ (આઈ.કે. પટેલ) પુત્ર
નંદુભાઈ કચરદાસ પટેલ - પુત્ર
સંજયભાઈ લાલભાઈ પટેલ - પૌત્ર
મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ - પૌત્ર
દિપકભાઈ અરવિંદભાઈ પટેલ - પૌત્ર
ફર્મ : લાલઘર કેબલ નેટવર્ક, કોલવડા

## ફોકસ લાઈફબેરી

ગાંધીનગર વસાહતીઓના અતિપ્રભાવશાળી આવકાર બદલ આભાર સાથે

**ભવ્ય પુસ્તક મેળો**

તા. ૧૫-૮-૨૦૧૨ સુધી લંબાવેલ છે

સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, કુડાસણ, ગાંધીનગર

ફોન : ૦૭૯-૬૫૭૨૭૩૭૪

## દિવાલ કબાટ (ફ્રેમ સ્પેશ્યાલીસ્ટ)

શિવ સ્ટીલ ફર્નીચર (પ્રવીણ સ્ટીલવાળા)

પેથાપુર ચાર રસ્તા, વિજય હોટલની નીચે, મહુડી રોડ
H.O.-શક્તિ કોમ્પલેક્ષ, ઓમ પીટીસી કોલેજની સામે, મોટા ચિલોડા

## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES

TMT BARS - ISI

TATA STEEL • PIPES • SHEETS

C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com